**બોરસદ તાલુકાના કાલુ ગામમાં ભાભીને બદનામ કરવાના મુદ્દે બે ભાઈ ઝઘડી પડ્યાં હતાં**

# બોરસદમાં નાના ભાઈની હત્યા કેસમાં મોટા ભાઈને આજીવન કેદની સજા

**દોઢ વર્ષ પહેલા** પત્નીના ચારિત્ર્ય અંગે શંકા કરનારા મોટા ભાઈને નાનાએ ઠપકો આપતા ચપ્પાના ઘા ઝીંક્યા હતા

(પ્રતિનિધિ) આણંદ તા.23

બોરસદ તાલુકાના કાળુ ગામમાં પત્નીના ચારિત્ર્ય અંગે શંકા કરી વાતો કરનારા મોટા ભાઈને નાનાએ ઠપકો આપ્યો હતો. જેના કારણે બન્ને ભાઈ વચ્ચે ઉગ્ર ઝઘડો થયો હતો. જેમાં મોટાએ નાના ભાઈને ગળા પર છરીનો ઘા ઝીંકી દેતા તેનું મોત નિપજ્યું હતું. આ અંગે વિરસદ પોલીસે હત્યાનો ગુનો નોંધ્યો હતો. આ કેસમાં કોર્ટે હત્યા કરનારા ભાઈને આજીવન કેદ અને રૂ. દસ હજારનો દંડ ફટકાર્યો હતો.

બોરસદના કાલુ ગામમાં રહેતા રાધાબહેનના લગ્ન ગેમનસિંહ જેસંગભાઈ સિંધા સાથે થયાં હતાં. જ્યારે રાધાબહેનની મોટી બહેનના લગ્ન ગેમનસિંહના મોટા ભાઈ વિરસિંહ જેસંગભાઈ સિંધા સાથે થયાં હતાં. આમ એક જ પરિવારમાં બે ભાઇ સાથે બે બહેનના લગ્ન થયાં હતાં. જોકે, 15 વર્ષ પહેલા રાધાબહેનની મોટી બહેન એટલે જેઠાણીનું અવસાન થયું હતું. આથી, તેમના સંતાનોનો ઉછેર રાધાબહેન જ કરતાં હતાં. પરંતુ છેલ્લા કેટલાક સમયથી વિરસિંહ શંકા કરી અવાર નવાર મ્હેણાં ટોણાં મારતો હતો. તેના નાના ભાઈ ગેમનસિંહને પણ તું બૈરાની કમાણી પર જીવે છે. તેમ કહી ગમે તેમ સંભળાવતો હતો. આ બાબતે બન્ને ભાઇ વચ્ચે અવાર નવાર માથાકૂટ થતી હતી અને ઉગ્ર ઝઘડા પણ થતાં હતાં.

દરમિયાનમાં ગેમનસિંહ અને વિરસિંહ 19મી જુલાઇ, 2024ના રોજ સાંજના ફરી આ મુદ્દે ઝઘડી પડ્યાં હતાં. જેમાં વિરસિંહ ઉશ્કેરાઇ ગયો હતો અને ગેમનસિંહ પર હુમલો કર્યો હતો. જેમાં ગેમનસિંહને લાતો મારી પાડી દીધાં બાદ ચપ્પુ કાઢી ગળા પર ઘા ઝીંકી દીધો હતો. જેના કારણે ગેમનસિંહ લોહી લુહાણ થઇ ગયો હતો. આ ઘટનાથી આસપાસના લોકો દોડી આવ્યાં હતાં. જેના કારણે વીરસિંહ ભાગી ગયો હતો. જ્યારે ગંભીર રીતે ઘવાયેલા ગેમનસિંહને તાત્કાલિક આણંદની હોસ્પિટલમાં રિફર કરતા સમયે રસ્તામાં જ તેનું મૃત્યું નિપજ્યું હતું. આ ઘટના અંગે રાધાબહેનની ફરિયાદ આધારે વિરસિંહ જેસંગ સિંધા સામે હત્યાનો ગુનો નોંધી તેની ધરપકડ કરી જરૂરી કાર્યવાહી બાદ કોર્ટમાં ચાર્જશીટ રજુ કરી હતી.

આ કેસમાં સરકારી વકીલ એન.પી. મહિડાએ ધારદાર રજૂઆત કરી હતી. આ ઉપરાંત કોર્ટે 12 સાહેદ અને 27 દસ્તાવેજોના પુરાવાને ધ્યાને રાખી વીરસિંહ જેસંગ સિંધાને હત્યાના આરોપમાં દોષિત માની જન્મટીપ એટલે કે આજીવન કારાવાસની સજા તથા રૂ.10 હજારનો દંડ ભરવા આદેશ કર્યો હતો. જો દંડની રકમ ન ભરે તો વધુ એક વર્ષની સાદી કેદની સજા ભોગવવા આદેશ કર્યો હતો. આ ઉપરાંત મૃતક ગેમનસિંહના પરિવારજનોને એટલે કે ફરિયાદી અને તેના બાળકોને યોગ્ય વળતર પ્રાપ્ત થાય તે માટે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળને ચુકાદાની નકલ દરખાસ્ત કરવા હુકમ કર્યો હતો.

---

**વીજબીલ ભરવા લીધેલી લોનના હપ્તા ભરાતા નથી અને નવા પોલ નાંખશે**

# પેટલાદ પાલિકાથી લાઈટબીલ ભરાતું નથી ને નવા પોલ નાંખશે!

**પેટલાદ શહેરને** ઝળહળતું કરવા પાલિકાએ ઠેરઠેર નવા પોલ નાંખ્યા


તસવીર: વિનાયક આણંદજીવાલા

(પ્રતિનિધિ) પેટલાદ તા.23

પેટલાદ શહેરને લાઈટોથી ઝળહળતું કરવાની કામગીરી નગરપાલિકા દ્વારા ચાલી રહી છે. શહેરના મુખ્ય રાજમાર્ગો, અંતરીયાળ વિસ્તાર, હાઈ-વે વગેરે જગ્યાઓ ઉપર ઠેરઠેર વીજ પોલ ઉભા કરવામાં આવી રહ્યા છે. આ કામ સરકારની જુદી જુદી ગ્રાન્ટોમાંથી થઈ રહ્યું છે. પરંતુ સૌથી મહત્વનો પ્રશ્ન એ છે કે નગર પાલિકાએ થોડા મહિનાઓ અગાઉ બાકી વીજ બીલ ભરવા સરકાર પાસેથી અંદાજીત રૂપિયા આઠ કરોડની લોન લીધી હતી. જેનો એકપણ હપ્તો ભર્યો નથી. આ ઉપરાંત દર મહિનાના વીજ બીલો પણ સમયસર ભરાતા નથી. છતાં પાલિકાના ચીફ ઓફીસર અને પ્રમુખ દ્વારા ઠેરઠેર વીજ પોલ ઉભા કરવાનો તઘલખી નિર્ણય કર્યો છે. જેથી પાલિકા ઉપર આર્થિક ભારણ ચોક્કસપણે વધવાનું જ છે. જેની સીધી અસર આવનાર સત્તાધિશોના વહીવટ ઉપર પડનાર હોવાની વાત ચર્ચાસ્પદ છે.

પેટલાદ નગર પાલિકા હદ વિસ્તારમાં આશરે ચાર હજાર જેટલા વીજ પોલ નાખવામાં આવેલ છે. જેનું લાઈટ બીલ દર મહિને લગભગ રૂપિયા ત્રણ લાખ જેટલું પાલિકા ભરે છે. ઉપરાંત વોટર વર્ક્સ અને ડ્રેનેજના લાઈટ બીલ તો ભરાતાં જ નથી. જેથી પાલિકાએ થોડા સમય અગાઉ રૂપિયા આઠ કરોડનું બાકી વીજ બીલ ભરવા સરકાર પાસેથી લોન લીધી હતી. પરંતુ આ લોનના એકપણ હપ્તા પાલિકા દ્વારા ભરવામાં આવ્યા નથી. આટલું જાણે કે અપુરતું હોય તેમાં આર્થિક ભારણ વધારવાનું કામ પાલિકાના ચીફ ઓફીસર અને પ્રમુખ દ્વારા કરવામાં આવી રહ્યું છે. પેટલાદ પાલિકાના આ અધિકારી અને પદાધિકારી શહેરને ઝળહળતું કરવા નીકળ્યા છે. શહેરના અંતરિયાળ વિસ્તારો સહિત હાઈ-વે ઉપર વીજ પોલ ઉભા કરવાનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. હાલ પાલિકા દ્વારા આઉટ ગ્રોથ ગ્રાન્ટની રૂ. 4.62 કરોડ તથા યુડીપી 88 હેઠળ લગભગ રૂપિયા એક કરોડ મળી કુલ રૂપિયા પોણાં છ કરોડ જેટલી અધધધ... ગ્રાન્ટમાંથી આશરે 750 જેટલા વીજ પોલ અને હાઈમાર્સ લાઈટ નાખવાનું કામ ચાલી રહ્યું છે.

મળતી માહિતી મુજબ, આ કામથી પાલિકાને વર્ષે અંદાજીત રૂપિયા વીસેક લાખ જેટલા વીજ બીલનું ભારણ વધવા પાત્ર રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે પેટલાદ નગરપાલિકાના સ્વભંડોળની આર્થિક સ્થિતી છેલ્લા ત્રણ ચાર વર્ષથી ખૂબ જ દયનીય છે. છતાં પાલિકા ગ્રાન્ટનો આડેધડ ઉપયોગ કરી રહ્યાની ચર્ચાએ જોર પકડ્યું છે.

### એક વીજ પોલ પાછળ રૂ.66 હજારનો ખર્ચ

પેટલાદ નગરપાલિકા દ્વારા હાલ ઠેરઠેર વીજ પોલ અને હાઈમાર્સ લાઈટો નાખવાનું કામ ચાલી રહ્યું છે. જેમાં સરકારની આઉટ ગ્રોથની રૂ.4.62 કરોડ ગ્રાન્ટમાંથી આશરે 700 જેટલા વીજ પોલ ઉભા કરવાની કામગીરી કાર્યરત છે. એટલે કે એક વીજ પોલ પાછળ અંદાજીત રૂ.66 હજાર જેટલો ખર્ચ થઈ રહ્યો છે. આ વીજ પોલ હવાને કારણે ઝોંક મારતા હોવાથી નગરજનોમાં કામની ગુણવત્તાને લઈ અનેક સવાલો ચર્ચાસ્પદ બનવા પામ્યા છે. બીજી તરફ શહેરમાં લગભગ એક કરોડના ખર્ચે 37 જેટલા હાઈ માર્સ પોલ ઉભા કરી લાઈટો ચાલુ કરવામાં આવી રહી છે. અંદાજીત રૂ.અઢી લાખના ખર્ચે ઉભી કરવામાં આવી રહેલ પ્રતિ હાઈ માર્સ લાઈટ અનેક સ્થળોએ નડતરરૂપ હોવાનું જોવા મળે છે.

### પેટલાદમાં ક્યા ક્યા વીજ પોલ નંખાશે ?

પેટલાદમાં એસ્સાર પેટ્રોલ પંપથી કોલેજ ચોકડી, ઓવર બ્રીજ થઈ રંગાઈ પુરા સુધીના હાઈ-વે ઉપર 120 જેટલા વીજ પોલ ઉભા કરવામાં આવ્યા છે. જ્યારે શહેરમાં દાવલપુરાથી જેસરવા ફાટક સુધી 72, મલાવ ભાગોળથી નાગોલ ચોકડી થી ટીએલસી સુધી 62, બોડીકુવાથી બાપાની મઢુલી સુધી 80, સિવીલથી પીબીએમ કોલોની સુધી 66, ભગવતી સોસાયટીથી ગૌતમ નગર અને નૂર તલાવડીથી મઢી સુધી 72, આંબેડકર સ્ટેચ્યુથી આંબાવડીયું અને મલાવ ભાગોળ થી સરદાર પાર્ક સુધી 73 મળી કુલ 686 જેટલા વીજ પોલ નાંખવાની કામગીરી કાર્યરત છે.

---

**ઉમરેઠમાં ફાગણી પૂનમ પૂર્વે ફૂડ વિભાગે તપાસણી હાથ ધરી**

# ઉમરેઠમાં 3 કિલો બળેલું તેલ જપ્ત, 7 સેમ્પલ લેવાયા

**આણંદ જિલ્લા ફુડ** વિભાગે 17 સ્થળે તપાસ હાથ ધરી

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.23

આણંદ જિલ્લા ફૂડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા ઉમરેઠમાં ખાણીપીણીની ચીજવસ્તુઓના વેચાણકર્તાઓને ત્યાં અચાનક તપાસ હાથ ધરવામાં આવતા વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. આગામી ફાગણી પૂનમના મેળાને ધ્યાને રાખી, ડાકોર દર્શનાર્થે જતા પદયાત્રીઓના સ્વાસ્થ્યની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે આ કામગીરી કરવામાં આવી હતી.

આણંદ જિલ્લા ફૂડ એન્ડ ડ્રગ વિભાગના અધિકારીઓએ ઉમરેઠના બસ સ્ટેન્ડ વિસ્તાર, વડા બજાર અને હાઈવે પર આવેલી હોટલો, લારીઓ, ચાની દુકાનો અને નાસ્તા હાઉસ સહિત કુલ 17 સ્થળોએ આકસ્મિક તપાસ હાથ ધરી હતી. આ


તસવીર: ધનંજય શુકલ

તપાસ દરમિયાન શંકાસ્પદ જણાયેલા કુલ 7 ખાદ્ય ચીજવસ્તુઓના સેમ્પલ લેબ ટેસ્ટિંગ માટે લેવામાં આવ્યા હતા. આ તપાસ દરમિયાન આરોગ્ય માટે હાનિકારક એવું અંદાજે 3 કિલો બળેલું તેલ પણ મળી આવતા તેને જપ્ત કરવામાં આવ્યું હતું. હાલમાં ફાગણી પૂનમ નિમિત્તે પદયાત્રીઓ મોટી સંખ્યામાં ઉમરેઠ હાઈવે પર ચા-નાસ્તા માટે રોકાતા હોય છે, ત્યારે પ્રજાના સ્વાસ્થ્યના હિતમાં કરાયેલી આ તપાસ અસરકારક સાબિત થશે.

---

# કપડવંજ પીપલ્સ બેંક દ્વારા ‘માઈક્રો QR કોડ’નો પ્રારંભ

**નાના વેપારીઓ અને** પશુપાલકોને સરળ હપ્તે લોન મળશે

(પ્રતિનિધિ) કપડવંજ તા.23

કપડવંજના નાગરિકો અને નાના વેપારીઓની જીવાદોરી સમાન કપડવંજ પીપલ્સ કો-ઓપરેટીવ બેંક દ્વારા ગ્રાહકલક્ષી અભિગમ સાથે ‘ભારત બિલ પે સિસ્ટમ’ અને ‘માઈક્રો ક્યુ આર કોડ’ જેવી અદ્યતન ડિજિટલ સુવિધાઓનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. બેંકના ચેરમેન જયેશભાઈ પટેલના હસ્તે આ સેવાઓ ખુલ્લી મૂકવામાં આવી હતી, જેનો ઉદ્દેશ્ય સ્થાનિક બજારને ડિજિટલ સેવાઓથી સજ્જ કરવાનો છે.

આ પ્રસંગે બેંકના ચેરમેને જણાવ્યું હતું કે, બેંક હંમેશા ગ્રાહક કેન્દ્રિત અને ડિજિટલ સેવાઓ પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ રહી છે. આ કાર્યક્રમમાં બેંકના એમડી કેશાભાઈ પટેલ અને શાખ કમિટી ચેરમેન મુકેશ વૈદ્ય પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. બેંક દ્વારા ખાસ કરીને નાના વેપારીઓ, ખેડૂતો, પશુપાલકો અને નોકરિયાત વર્ગને ધ્યાનમાં રાખીને એક નવી આર્થિક યોજના પણ શરૂ કરાઈ છે.

બેંક મેનેજર દીપકભાઈ શાહ અને અધિકારી સમીરભાઈ પટેલના જણાવ્યાનુસાર, ગ્રાહકોને રૂ. એક લાખ સુધીની લોન 13% ના વ્યાજદરે ત્રણ વર્ષની મુદત માટે આપવામાં આવશે. આ લોનમાંની મુખ્ય વિશેષતા એ છે કે તેમાં કોઈ પણ પ્રકારનો પ્રોસેસિંગ ચાર્જ કે ફ્રી ક્લોઝર ચાર્જ લેવામાં આવશે નહીં.

---

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### એસપી યુનિવર્સિટીમાં ભારતની સોફ્ટ પાવર વ્યૂહરચના પર નિષ્ણાત વ્યાખ્યાન યોજાયું



**આણંદ |** સરદાર પટેલ યુનિવર્સિટીના રાજ્યશાસ્ત્ર વિભાગ દ્વારા ‘આઈ.એ. શેરથા લેક્ચર સિરીઝ’ હેઠળ ભારતની સોફ્ટ પાવર વ્યૂહરચના વિષય પર વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય વક્તા ડો. તિલક રાજ શર્માએ આંતરરાષ્ટ્રીય સંબંધોમાં એનએએમ (બિન-જોડાણવાદી આંદોલન), ભારતીય સિનેમા અને સંસ્કૃતિના વૈશ્વિક પ્રભાવ વિશે ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપ્યું હતું. આ શૈક્ષણિક કાર્યક્રમમાં રાજ્યશાસ્ત્ર અને ઇતિહાસ વિભાગના વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહીને સોફ્ટ પાવરના વિવિધ પાસાઓ પર જીવંત વૈચારિક ચર્ચા કરી હતી. ડો. વસંત પટેલ અને ડો. બળદેવ આગજાની પ્રેરક ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો.

### વિદ્યાનગરમાં બીએપીએસ સ્વામિનારાયણ છાત્રાલય દ્વારા ‘વિઝનરી થીંકિંગ’ વિષય પર સ્ટડી સર્કલ યોજાયું



**આણંદ |** વિદ્યાનગરના BAPS છાત્રાલયના ષષ્ટિપૂર્તિ મહોત્સવ અંતર્ગત ડો. જ્ઞાનવત્સલદાસ સ્વામીએ ‘વિઝનરી થીંકિંગ: બી પ્રોએક્ટિવ’ વિષય પર પ્રેરણાદાયી વક્તવ્ય આપ્યું હતું. આ સ્ટડી સર્કલમાં ડોક્ટર સ્વામીની ઉપસ્થિતિમાં 3500થી વધુ યુવાનોએ ભાગ લઈ માર્ગદર્શન મેળવ્યું હતું. આ પ્રસંગે સીવીએમ યુનિવર્સિટીના પ્રો-વોસ્ટ ડો. ઈન્દ્રજીત પટેલ અને ચારુસેટના પ્રો-વોસ્ટ ડો. અતુલ પટેલ સહિતના મહાનુભાવો હાજર રહ્યા હતા. આ પ્રકલ્પ દ્વારા વિદ્યાર્થીને જીવનમાં આગળ વધવા માટે પ્રોત્સાહિત કરાયાં હતાં.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને ‘ગુજરાતમિત્ર’ આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### પલાણાની નવસંસ્કાર પ્રાથમિક શાળાના શિક્ષકોની ચારૂસેટ યુનિવર્સિટીની મુલાકાત લીધી



**આણંદ |** પલાણા સ્થિત નવસંસ્કાર પ્રાથમિક શાળા, પલાણા/બીલીમોરા વિદ્યાસંકુલના શિક્ષકોએ ચારૂસેટ યુનિવર્સિટી કેમ્પસની મુલાકાત લઈ શૈક્ષણિક ગતિવિધિઓનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે સોજીત્રાના ધારાસભ્ય વિપુલભાઈ પટેલ, કિરણભાઈ પટેલ અને ડો. એમ.સી. પટેલે શિક્ષકોને યુનિવર્સિટીમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમો અને સંસ્થાની કામગીરી વિશે વિગતવાર માહિતી આપી હતી. મુલાકાત દરમિયાન ચારૂસેટ હોસ્પિટલ અને માતૃસંસ્થાના હોદ્દેદારો દ્વારા શિક્ષણ ક્ષેત્રે થઈ રહેલા નવીનતમ ફેરફારો અને સંશોધનો વિશે પણ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

### એસઇપીસી લિમિટેડની ઓર્ડર બુકે નવી ટોચ સર કરી; 10,455 કરોડ સુધી પહોંચી

વડોદરા: એસઇપીસી લિમિટેડ (NSE: SEPC | BSE: 532945), ભારતની અગ્રણી EPC કંપની, નિર્ણાયક વૃદ્ધિના તબક્કામાં પ્રવેશી છે. 31 ડિસેમ્બર 2025ના રોજ કંપનીની સંકલિત ઓર્ડર બુક 10,455 કરોડ સુધી પહોંચી છે, જે મજબૂત ઓર્ડર ઇનફ્લો, ઝડપી અમલીકરણ અને શિસ્તબદ્ધ પ્રોજેક્ટ પસંદગી દર્શાવે છે. સ્ટેન્ડઅલોન ધોરણે (SEPC FZE સિવાય) ઓર્ડર બુક 7,255 કરોડ રહી છે, જે 31 માર્ચ 2025ના 4,501 કરોડની સરખામણીએ નોંધપાત્ર વધારો છે. માત્ર નવ મહિનામાં થયેલું આ વિસ્તરણ કંપનીની બજાર વિશ્વસનીયતા અને મોટા ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં મજબૂત હાજરી દર્શાવે છે. સ્ટેન્ડઅલોન ઓર્ડર બુકમાં માઇનિંગ 2,991 કરોડ (41%), કન્સ્ટ્રક્શન 2,609 કરોડ (36%), વોટર & મ્યુનિસિપલ સર્વિસિસ 911 કરોડ (14%) અને પાવર 600 કરોડ (8%)નો સમાવેશ થાય છે. કુલ ઓર્ડર બુકમાંથી 48% સ્થાનિક, 21% આંતરરાષ્ટ્રીય (SEPC) અને 31% SEPC FZE મારફતે આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ્સ છે. FY26 દરમિયાન કંપનીને 5,954 કરોડના નવા ઓર્ડર મળ્યા છે. મેનેજિંગ ડિરેક્ટર શ્રી વેંકટરમની જયગણેશે જણાવ્યું કે મજબૂત ઓર્ડર મોમેન્ટમ લાંબા ગાળાની વૃદ્ધિ, સ્થિર આવક અને મજબૂત બેલેન્સ શીટ માટે આધાર પુરો પાડશે.

### ધર્મજમાં પદ્મપ્રભસ્વામી જિનપ્રસાદની 155મી સાલગીરીની હર્ષોલ્લાસભેર ઉજવણી કરાઇ



**પેટલાદ |** ધર્મજ ગામમાં ફાગણ સુદ 3ના શુભ દિવસે શ્રી પદ્મપ્રભસ્વામી જિનપ્રસાદની 155મી સાલગીરી અત્યંત હર્ષ અને ઉલ્લાસ સાથે ઉજવવામાં આવી હતી. આ પવિત્ર પ્રસંગ આચાર્ય ભગવંત પરમ પૂજ્ય રત્નપ્રભ મહારાજ સાહેબની પાવન નિશ્રામાં સંપન્ન થયો હતો. 155 વર્ષ જૂના આ ઐતિહાસિક જિનાલયની વર્ષગાંઠ નિમિત્તે ભાવિક ભક્તો મોટી સંખ્યામાં દર્શનાર્થે ઉમટી પડ્યા હતા.

### નડિયાદની અવર લેડી ઓફ પિલર હોસ્પિટલ ખાતે ફ્રી મેડિકલ અને બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



**નડિયાદ |** શહેરના ઇન્દિરા નગર સ્થિત અવર લેડી ઓફ પિલર હોસ્પિટલ દ્વારા આયોજિત કેમ્પમાં નિષ્ણાત તબીબો દ્વારા 165 જેટલા દર્દીઓનું નિ:શુલ્ક નિદાન કરી દવાઓ અને બ્લડ ટેસ્ટની સેવા અપાઈ હતી. આ પ્રસંગે યોજાયેલા રક્તદાન કેમ્પમાં 22 જેટલા વ્યક્તિએ રક્તદાન કરી માનવતા મહેકાવી હતી, જેમાં રેડ ક્રોસ સોસાયટી દ્વારા વ્યવસ્થા સંભાળવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બિશપ રત્ના સ્વામી અને તાલુકા હેલ્થ ઓફિસર ડો. વિપુલ અમીન સહિતના મહાનુભાવોએ હાજર રહી હોસ્પિટલની આ સેવાકીય પ્રવૃત્તિને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

### આણંદ શહેરમાં બ્રહ્માકુમારીઝના ‘પ્રભુ સ્મૃતિ’ ભવનનું ભવ્ય ઉદ્ઘાટન કરાયું



**આણંદ |** આણંદમાં ગ્રીડ ચોકડી પાસે બ્રહ્માકુમારીઝ દ્વારા નવનિર્મિત ‘પ્રભુ સ્મૃતિ’ ભવનનું રાજયોગીની સુદેશ દીદીજીના હસ્તે અને શિવ ધ્વજારોહણ સાથે ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ પ્રસંગે આશાબેન દલાલ, બિપીનચંદ્ર પટેલ સહિત અનેક અગ્રણી મહેમાનો અને મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ હાજર રહ્યા હતા. વિશ્વ કલ્યાણના હેતુથી નિર્મિત આ ભવનમાં રાજયોગ પ્રશિક્ષણ, વ્યક્તિત્વ વિકાસ અને સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓ માટે આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ છે. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ સંસ્થાના આધ્યાત્મિક મૂલ્યોના પ્રસાર અને સમાજમાં નૈતિકતા વધારવાના યોગદાનની વિશેષ પ્રશંસા કરી હતી.

### આણંદની રવિશંકર હાઈસ્કુલમાં ફાયર સેફ્ટી અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



**આણંદ |** શહેરના બાકરોલ - વડતાલ રોડ પર આવેલી રવિશંકર હાઈસ્કુલમાં અતુલ્ય વીર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ફાયર અવેરનેસ ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. કરમસદ - આણંદ ફાયર સર્વિસીસના જવાનોએ આગ સામે રક્ષણ મેળવવા અને પ્રાથમિક તબક્કે આગ બુઝાવવાની વિવિધ પદ્ધતિઓ વિશે ઊંડાણપૂર્વક સમજણ આપી હતી. આ કાર્યક્રમમાં ફાયર ફાઈટિંગનું લાઈવ ડેમોસ્ટ્રેશન રજૂ કરી વિદ્યાર્થીઓને ફાયર બ્રિગેડની કામગીરી અને સાધનોના ઉપયોગથી માહિતગાર કરાયા હતા.

### કપડવંજના શિહોરાના સરપંચનું પંચાલ સમાજના સમૂહલગ્નોત્સવમાં સન્માન કરાયું



**કપડવંજ |** તલોદ ખાતે મેશ્વાતડ પંચાલ સમાજ દ્વારા આયોજિત 28મા સમૂહલગ્ન પ્રસંગે કુલ 16 નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં માંડ્યા હતા. આ શુભ પ્રસંગે કપડવંજ તાલુકાની શિહોરા ગ્રામ પંચાયતના સરપંચ ગીરીશભાઈ પંચાલનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ગીરીશભાઈ સવાસો ગોળ પંચાલ સમાજ વિકાસ મંડળના ઉપપ્રમુખ તરીકે પણ સેવા આપી રહ્યા છે. સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવવા બદલ તેમને સમાજના અગ્રણીઓ દ્વારા બિરદાવવામાં આવ્યા હતા.

### આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા બાવળીયા ગામમાં ‘પ્રાકૃતિક કૃષિ’ પર ખેડૂત શિબિર યોજાઈ



**આણંદ |** વડોદરા જિલ્લાના બાવળીયા ગામે આણંદ કૃષિ યુનિવર્સિટીના ખાંધા કેન્દ્ર દ્વારા સરદાર સરોવર પ્રોજેક્ટ હેઠળ ‘પ્રાકૃતિક કૃષિ’ વિષયક વિશેષ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત 80 જેટલા ખેડૂતોને નિષ્ણાતો દ્વારા પ્રાકૃતિક ખેતીના ફાયદા, નહેર વ્યવસ્થાપન અને સૂક્ષ્મ પિયત પદ્ધતિ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ શિબિરમાં યુનિવર્સિટી દ્વારા સંશોધિત નવી પાક જાતોની માહિતી અપાઈ હતી અને પ્રગતિશીલ ખેડૂત વનરાજસિંહ ચૌહાણે પોતાના અનુભવો જણાવી ખેડૂતોને આ ખેતી પદ્ધતિ અપનાવવા આહવાન કર્યું હતું.

### વિદ્યાનગરની આઈ.બી. પટેલ સ્કૂલમાં ભાવભીના માતૃ-પિતૃ પૂજન દિવસની ઉજવણી



**આણંદ |** ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈ.બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલમાં માતૃ-પિતૃ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ ભક્તિભાવપૂર્વક સંસ્કૃત શ્લોકગાન સાથે માતા-પિતાનું પૂજન, આરતી અને ચરણસ્પર્શ કરી આશીર્વાદ મેળવતા વાતાવરણ અત્યંત ભાવુક અને હૃદયસ્પર્શી બન્યું હતું. પ્રિન્સિપાલ ભાવેશભાઈ ભટ્ટે માતા-પિતાને જીવનના પ્રથમ ગુરુ ગણાવી આશીર્વાદનું મહત્વ સમજાવ્યું હતું, જ્યારે કન્વીનર ઋત્વિકાબેન પટેલે સમગ્ર આયોજન કુશળતાપૂર્વક સંભાળ્યું હતું. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં માતા-પિતા પ્રત્યે કૃતજ્ઞતા, સન્માન અને ઉમદા સંસ્કારોનું સિંચન કરવામાં આવ્યું હતું.